GJSK050008272023	આંક–	૮૧
	કેસ દાખલ તા:	૨૭/૦૩/૨૦૨૩
	કેસ રજી.તા:	૨૭/૦૩/૨૦૨૩
	કેસ ફેસલ તા:	૧૭/૦૭/૨૦૨૬
	સમય ગાળો:	વર્ષ–માસ–દિવસ

ફોર્મ–એ

ખેડબ્રહમાના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (કે.જે.રાઠોડ) સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.ખેડબ્રહમા (જજમેન્ટ આપ્યાની તારીખ : ૧૭.૦૭.૨૦૨૬) (કેસ નં.૭૫૪/૨૦૨૩) (ગુન્હાની કલમ– ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકની કલક–૧૩૮ મુજબ)	
ફરીયાદી	મુકેશકુમાર કાંતિલાલ પટેલ, ઉ.વ.૪૮, ધંધો–ખેતી, રહે.મુ.માતાજીકંપા, પો.તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.
ફરીયાદી પક્ષ તરફે વિ.વ.શ્રી	કે.આઇ.પંડયા.
આરોપી	જતીનભાઇ રાજાભાઇ પરમાર, ઉ.વ.૪૩, ધંધો–ખેતી તથા કપાસના કમિશન એજન્ટ, રહે.મુ.દેલવાડા, પો.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.
આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી	જે.એન.પરમાર.

ફોર્મ–બી

પ્લી લેવાની તારીખ	તા.૨૯/૦૮/૨૦૨૩
પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ	તા.૦૩/૧૦/૨૦૨૩
દલીલ સાંભળેલ તારીખ	તા.૨૯/૦૬/૨૦૨૬
જજમેન્ટ આપ્યાની તારીખ	તા.૧૭/૦૭/૨૦૨૬

સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો)	તા.૧૭/૦૭/૨૦૨૬

આરોપીની વિગતો

આરોપી ની સંખ્યા	આરોપીનું નામ	અટક કર્યાની તારીખ	જામીન પર મુકત કર્યાની તારીખ	ગુનાઓના આરોપસર	સજા/ નિર્દોષ	ફરમાવેલ સજા	કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ ના હેતુસર
એક (૦૧)	જતીનભાઇ રાજાભાઇ પરમાર	–	–	ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.	સજા	૦૧ (એક) વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમનો દંડ	–

ફોર્મ–સી

એ– ફરીયાદપક્ષના સાક્ષી :–

નં.	નામ	આંક
૧.	ફરીયાદી મુકેશકુમાર કાંતિલાલ પટેલનુ સરતપાસનું સોગંદનામું	૦૬

બી– આરોપીપક્ષના સાક્ષી :–

નં.	નામ	આંક
૧.	–	–

સી–કોર્ટ તરફેના સાક્ષી :–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર
CW1	–	–
CW2	–	–

એ– ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–

નં.	વિગત	આંક
૧.	આરોપીએ આપેલ ચેક નં.૦૪૭૦૮૧	૨૦

૨.	કાઉન્ટર ફોઇલ	૨૧
૩.	ચેક રીર્ટન મેમો	૨૨
૪.	નોટીસ સ્થળપ્રત	૨૩
૫.	આરોપીના સાચા સરનામેં આર.પી.એ.ડી.થી કર્યા અંગેની પોસ્ટની સફેદ સ્લીપ	૨૪
૬.	આરોપીને નોટીસ બજી ગયેલ પોસ્ટની એકનોલોજમેન્ટ પાવતી	૨૫
૭	ફરીયાદીએ ડી.પી.ટ્રેડીંગ કંપનીમાં તા.૨૨/૮/૨૨ ના રોજ એરંડા (દિવેલા) ભરાવેલ તે અંગેનુ બીલ	૭૫

-: ચુ કા દો :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, ફરીયાદી માતાજી કંપા મુકામે રહી ખેતી કરે છે અને આરોપી દેલવાડા મુકામે રહી ખેતી તેમજ કપાસના બિયારણની કંપનીમાં કમિશન એજન્ટ તરીકે કામ કરે છે. આરોપી અને ફરીયાદી ખેતી કરતાં હોવાથી ખેતીના તથા અન્ય કામકાજ અર્થે ખેડબ્રહમા બજારમાં આરોપીને અને ફરીયાદીને અવાર નવાર મળવાનું થતુ અને આરોપી પણ કપાસના બિયારણના કામકાજ અર્થે ફરીયાદીના કંપામાં અવાર નવાર આવતાં અને ફરીયાદીને મળતા હોય મિત્રતાના સારા સબંધો કેળવાયેલા.આ મિત્રતાના સબંધોના નાતે આરોપી ગયા ઓકટોબર-૨૦૨૨ ના પહેલા અઠવાડીયામાં ફરીયાદીના ઘરે માતાજી કંપા મુકામે આવેલા અને ફરીયાદીને જણાવેલ કે, મારે સામાજીક કામે રૂા.૬૧,૦૦૦/- ની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે તો મને એક માસ માટે હાથઉછીના આપો. સદર હાથઉછીની લીધેલ રકમ તમોને એક માસમાં ગમે ત્યાંથી સગવડ કરી પરત કરી દઇશ. તેવી માંગણી કરેલ અને સદર રકમ એક માસમાં પરત કરવાની પાકી ખાત્રી અને વિશ્વાસ પણ આરોપીએ ફરીયાદીને આપેલ. ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સારા સબંધો હોવાથી આરોપીના કથન ઉપર વિશ્વાસ રાખી ફરીયાદીએ આરોપીને રૂા.૬૧,૦૦૦/- પુરા તે જ દિવસે તેઓની બચતમાંથી આરોપીને હાથઉછીના આપેલા. ત્યારબાદ આરોપીએ ફરીયાદી પાસે લીધેલ હાથઉછીની રકમ સમયસર પરતનકરતાં ફરીયાદી એ આરોપી પાસે ઉઘરાણી કરતાં આરોપીએ સદર રકમની ચુકવણી માટે ફરીયાદીને એકસીસ બેન્ક લી., ખેડબ્રહમા શાખાનો તા.૩/૨/૨૦૨૩

ના રોજનો તેમના બચત ખાતા નં.૯૨૨૦૧૦૦૧૯૧૪૭૧૫૦ નો ચેક નં.૦૪૭૦૮૧ નો રૂા.૬૧,૦૦૦/– નો ફરીયાદીની રૂબરૂમાં આરોપી નાએ સહી કરી ચેક આપેલો અને સદર ચેક પાકતી તારીખે રજુ કરતાં જરૂર સ્વીકારઇ જશે તેવો પાકો વિશ્વાસ અને ખાતરી આપતાં ફરીયાદી આરોપીના કથન ઉપર વિશ્વાસ રાખી સદર ચેક સ્વીકારેલ. ત્યારબાદ સદર ચેક ફરીયાદીએ તેઓની ખાતાવાળી બેન્કમાં તા.૦૩/૦૨/૨૦૨૩ ના રોજ રજુ કરતાં સદરહું ચેક રીટર્ન મેમાના કારણ ''ફંડસ ઇન્સફીશીયન્ટ'' ના શેરા સાથે તા.૦૪/૦૨/૨૦૨૩ ના રોજ પરત મળેલ. ત્યારબાદ સદર ચેક પરત ફર્યા બાબતની ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીના સાચા સરનામેં તા.૦૯/૦૨/૨૦૨૩ ના રોજ રજી.પો.એડી.થી નોટીસ મોકલેલ અને નોટીસ મળે દિન–૧૫ માં ચેકની રકમ ફરીયાદીને વસુલ આપી જવા જણાવેલ. જે નોટીસ આરોપી ને તા.૧૦/૦૨/૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ આજદિન સુધી ફરીયાદી ના નાણાં વસુલ આપેલ નથી કે નોટીસનો પણ કોઈ જવાબ આપેલ નથી. આમ, આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબની રકમ ફરીયાદીને નહી ચુકવી આપતાં સદર ફરીયાદી એ આરોપી સામે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ થી કલમ – ૧૩૮ મુજબની ફરીયાદ આપી આરોપી વિરુધ્ધ કાયદેસર થવા અરજ ગુજારેલ છે.

(૨) ફરીયાદ રજુ થતાં આ કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૦૪ અન્વયે આ કામના આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના પ્રોસેસ કરવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સ બજી જતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૦૭ મુજબ ફરીયાદ તથા કેસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાતરી કરી આરોપી ની ફરીયાદ હકીકત મુજબના ગુના સંદર્ભે આંક–૧૬ થી પ્લી નોંધવામાં આવેલ. સદર નિવેદનમાં આરોપીએ ગુનો કબુલ કરી નહી હોવાનું

જણાવતાં સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુર્ણ થયા બાદ આંક−૭૭ થી તેમનો પુરાવો બંધ થયાની પુરસીસ રજુ કરવામાં આવેલ, ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ−૩૧૩ મુજબ વધારાનું નિવેદન તૈયાર કરેલ પરંતુ આરોપી પોતાનુ વધારાનુ નિવેદન આપવામાં કોર્ટમાં હાજર રહેલ ન હોય તેઓનુ વધારાનુ નિવેદન લેવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદી પક્ષે વિ.વ.શ્રી વી.બી.વૈષ્ણવની દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આરોપી તરફે કોઇ હાજર નહી રહેતાં આરોપીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) સદર કામે આરોપી હાજર નહી રહેતાં આરોપી વિરુધ્ધ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવેલ. આરોપી વિરુધ્ધ વોરંટ તેમજ જામીનદાર વિરુધ્ધ નોટીસ કરવા છતાં આરોપીને વોરંટની બજવણી નહી થતાં તેમજ જામીનદારને નોટીસની બજવણી ન થતાં ફરીયાદપક્ષે આ આંક−૮૦ થી પુરસીસ આપી આરોપીની ગેરહાજરીમાં ચુકાદો આપવા જાહેર કરેલ છે.

(૭) હાલની ફરીયાદના કામે રજુ થયેલ પુરાવો અને મૌખિક રજુઆતો ધ્યાન લેતાં, સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

:: મુદ્દા ::

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે રૂા. ૬૧,૦૦૦/−નો એકસીસ બેન્ક લી., ખેડબ્રહમા શાખાનો ચેક નં.૦૪૭૦૮૧ નો તા.૦૩/૦૨/૨૦૨૩ નો આપેલો અને તે ચેક ફરીયાદીએ પોતાની બેન્કમાં રજુ કરતાં સદર ચેક ''ફંડસ ઇન્સફીશીયન્ટ''ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત આવેલો અને સદર તકરારી ચેક મુજબના નાણાં વસુલાતની માંગણાની નોટીસ આપ્યા છતાં, આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ નહી ચુકવી આપીને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ−૧૩૮ હેઠળ શિક્ષા પાત્ર ગુન્હો કર્યો છે?

૨. શું હુકમ ?

(૭.૧)ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો નીચે મજુબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૮) આ કામના યોગ્ય ન્યાય નિર્ણય માટે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઇ તથા નકકી કરવામાં આવેલા મુદ્દાના નિર્ણય પર પહોંચવા માટેના મારા કારણો–તારણો નીચે મુજબ છે.

// કા ર ણો //

(૯) મુદ્દા નં.૧ તથા ૨ પરસ્પર સંકળાયેલા હોય પુરાવા તથા કાયદાની ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સદર બન્ને મુદ્દાઓની ચર્ચા સંયુકત કરવી ન્યાયોચિત જણાતું હોય, મુદ્દા નં.૧ તથા ૨ ની સંયુકત ચર્ચા કરવામાં આવે છે. સૌપ્રથમ એ જણાવવું જરૂરી છે કે, ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ધ્યાને લેતાં આ કલમમાં અમુક જોગવાઇઓ આજ્ઞાત્મક છે કે જે આ કલમ હેઠળ ફરીયાદ દાખલ કરતાં પહેલાની પૂર્વ શરતો છે, જેનું પાલન કરવું અનિવાર્ય છે, તે સિવાય આ કલમ હેઠળ ફરીયાદ લઇ શકાય નહી કે ફરીયાદ ચાલી શકે નહી જેથી તે અંગે પ્રથમ ચર્ચા કરવી જરૂરી છે. ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ની જોગવાઇ વંચાણે લેતાં.....

Sec. 138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account– Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other

provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless–

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it was drawn or within the period of its validity, whichever is earlier.

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid, and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation– For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

- હાલના આ કામે કલમ–૧૩૮ માં પરંતુક (એ) પ્રમાણે તે ચેક છ માસમાં અથવા તો ચેકની નકકી થયેલી મર્યાદામાં બેન્કમાં રજુ થયેલો હોવો જોઈએ. જે બાબતમાં આંક–૨૦ વાળો ચેક તા.૦૩/૦૨/૨૩ નો છે, તે ચેક આંક–૨૧ મુજબ તા.૦૩/૦૨/૨૦૨૩ ના રોજ સમય મર્યાદામાં બેન્કમાં ભરાયેલ છે જે રીટર્ન થયેલ છે. જેથી ફરીયાદ પક્ષે પરંતુક (એ) નું પાલન થયેલ હોવાનું સાબીત થાય છે.
- પરંતુક (બી) ધ્યાને લઈએ તો ચેક પરત આવ્યાથી દિન–૩૦ માં

ચેકની રકમની માંગણી કરતી લેખીત નોટીસ આરોપીને ફરીયાદીએ આપેલી હોવી જોઇએ. આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ રીટર્ન મેમો જોતાં તેમાં ચેક તા.૦૪/૦૨/૨૦૨૩ ના રોજ પરત ફરેલ છે. જેમાં તે ''ફંડસ ઇન્સફીશીયન્ટ'' ના શેરા સાથે પરત આવેલ છે. જયારે આંક–૨૩ થી રજુ થયેલ નોટીસમાં તે નોટીસ તા.૦૯/૦૨/૨૦૨૩ ના રોજ જતીનભાઇ રાજાભાઇ પરમારને જારી કરેલાનું જણાય છે. એટલે કે, ફરીયાદીને ચેક પરત ફર્યાની જાણ તા.૦૪/૦૨/૨૦૨૩ ના રોજ થયા બાદ દિન–૩૦ માં એટલે કે તા.૦૯/૦૨/૨૦૨૩ ના રોજ આરોપીને નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપીના રહેણાંકના સરનામેં આપવામાં આવેલ છે.આમ,ફરીયાદએ ચેક પરત ફર્યાની જાણ થયાના દિન–૩૦ માં તે ચેકની રકમની માંગણી કરતી નોટીસ આરોપીને આપેલ છે. જેથી ફરીયાદી ધ્વારા કલમ–૧૩૮ ના પરંતુક(બી) નું પાલન કરવામાં આવેલ છે.

- વધુમાં, પરંતુક (સી) મુજબ આરોપીને આંક–૨૪ અને ૨૫ થી રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં ફરીયાદી ધ્વારા રજીસ્ટર એ.ડી.થી આરોપીને નોટીસ મોકલવામાં આવેલ અને તે નોટીસ આરોપીને બજી ગયેલ છે અને આ નોટીસ મળ્યાથી દિન–૧૫ માં તે ચેકના નાણાં ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે તેમજ આ કામે આરોપીએ તેવી કોઇ રકમ ચુકવ આપ્યાનો બચાવ પણ લીધેલ નથી. જેથી ફરીયાદ પક્ષ, કલમ –૧૩૮ ના પરંતુક (સી) મુજબનું પાલન આરોપી ધ્વારા કરેલ ન હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ છે.
- ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૪૨(બી) વંચાણે લેતાં તમામ આજ્ઞાત્મક જોગવાઇનું પાલન થયા બાદ હાલની આ ફરીયાદ મુદતમાં કોર્ટ સમક્ષ દાખલ થયેલ છે. આમ, આ ફરીયાદ તમામ આજ્ઞાત્મક પુર્વ શરતોનું પાલન કર્યા બાદ દાખલ કરવામાં આવેલ છે જે ફરીયાદ મુદતમાં છે જેનો કોઇ બાધ નડતો નથી.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હો પુરવાર કરવા માટે આંક–૦૬ થી ફરીયાદી મુકેશકુમાર કાન્તીલાલ પટેલ નાએ તેમનું પુરાવારૂપી સોગંદનામું રજુ કરી સદર પુરાવારૂપી

સોગંદનામાંની સરતપાસમાં આંક–૦૧ થી રજુ ફરીયાદની હકીકતને સમર્થન આપતી વિગતો જણાવેલ છે અને આરોપી તરફેથી ઉલટતપાસ માં ફરીયાદીએ સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, હુ માતાજી કંપાનો રહેવાસી છુ. કહેવાતો આરોપી છે એ દેલવાડા ગામના નિવાસી છે. સને–૨૦૨૧ ની સાલમાં ડિસેમ્બર માસના અંતમાં આરોપી સાથે મારે પ્રથમ મુલાકાત થયેલી. એ વાત ખરી નથી કે, આ મુલાકાત બાદ આરોપી સાથે મારે કયારેય મળવાનુ થયેલુ નહી. સાહેદ એવુ જણાવે છે કે, મારે આરોપી સાથે બજારમાં મળવાનુ થતુ હતુ. એ વાત ખરી છે કે, મારે આરોપીને બજારમાં મળવાનુ થયેલ તે સિવાય અન્ય કોઈ સ્થળે મળવાનુ થયેલ નથી. એ વાત ખરી છે કે, મે આ કામે આંક–૪ થી સરતપાસનુ સોગંદનામુ સમજી વિચારી,વાંચી, તેમાં સહી કરી રજૂ કરેલ છે. એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપી સાથે મારે મિત્રતાના સારા સબંધો હતા. એ વાત ખરી છે કે, કોઈની સાથે સારા સબંધો હોય તો તેના ઘરે સારા ભલા પ્રસંગે જવાનુ થાય. એ વાત ખરી છે કે, સારા સબંધો હોય તો તેના પરીવાર સાથે પણ સારા સબંધો હોય અને તેના પરિવારના સભ્યોને સારી રીતે ઓળખતા હોઈએ. આરોપીને કેટલા બાળકો છે તેની મને ખબર નથી. આરોપીની પત્નીનુ નામ મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં આરોપીને કઈ તારીખે કહેવાતા નાણાં આપેલા તે તારીખ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીએ કહેવાતા નાણાંની મારી પાસે કઈ તારીખે માગણી કરેલી તે તારીખ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી પાસે મે કઈ તારીખે નાણાંની ઉઘરાણી કરેલી તે તારીખો મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીએ મને ફરીયાદવાળો ચેક કઈ તારીખે લખી આપેલો તે તારીખ મારી ફરીયાદમાં જણાવેલ નથી. તેઓ કાળી બેન પરોયાવાળાને ઓળખતા નથી. એ વાત ખરી છે કે, આરોપીએ કાળીબેન પાસેથી કપાસનુ બિયારણ લીધેલુ. એ વાત ખરી નથી કે આરોપી જતીન સાથે મારે સીધેસીધો કોઈ કોન્ટેકટ નથી. સાહેદ એવુ જણાવે છે કે, મારે આરોપી સાથે બજારમાં મિત્ર તરીકે મળવાનુ થતુ હતુ. એ વાત ખરી છે કે,

આરોપીને મે કઈ આવકમાં થી રકમ આપેલી તે મારી ફરીયાદ, નોટીસ, સરતપાસમાં જણાવેલ નથી. આરોપીને મે જે દિવસે રકમ આપેલી તે દિવસે મારા ઘરમાં દિવેલાની વેચાણની રકમ પડેલી તેમાંથી આપેલી. મે આ દિવેલા મૈત્રાલ ગામના પી.ડી.વણકરની પેઢીમાં ભરાવેલ હતા. આ દિવેલા અંદાજે દોઢસો મણ જેટલા હતા. એ વાત ખરી છે કે, આ કામે મે દિવેલા વેચાણ કરેલ હોય તેવો કોઈ પુરાવો રજૂર રાખેલ નથી.

સવાલ:– દિવેલા વેચાણનો પુરાવો રજૂ કરવા તમે તૈયાર છો?

જવાબ:– જો મળશે તો રજૂ કરીશ.

એ વાત ખરી છે કે, સામાન્ય રીતે કોઈ વ્યક્તિને હાથ ઉછીની રકમ આપીયે તો તેનુ સ્ટેમ્પ ઉપર લખાણ કરવામા આવતુ હોય છે તેમજ જામીન લેવામા આવતા હોય છે તેમજ પ્રોમીસરી નોટ પણ લેવામા આવતી હોય છે. એ વાત ખરી છે કે, આ કામે મે આવા કોઈ દસ્તાવેજો આરોપી પાસેથી લીધેલ નથી. સાહેદ એવુ જણાવે છે કે, મે માત્ર ચેક લીધેલ છે તે સિવાય કોઈ દસ્તાવેજી પુરાવા લીધેલ નથી.

સવાલ: કહેવાતો ચેક તમે આરોપીને નાણા આપતી વખતે લીધેલો કે તે પહેલા લીધેલો?

જવાબ: નાંણા આપતી વખતે ચેક લીધેલો.

સવાલ: નાણા આપતી વખતે જે ચેક લીધેલો તે ચેક કોરો લીધેલો કે લખાણ કરેલો લીધેલો?

જવાબ: ચેક ભરીને લીધેલો કારણ કે મારે વધારે પૈસા લેવાના ન હતા.

એ વાત ખરી છે કે, આંક–૨૩ વાળી નોટીસમાં મારી સહી છે. એ વાત ખરી છે કે, આંક–૨૩ વાળી નોટીસમાં કરેલ સહીના અક્ષરો આંક ૨૦ વાળા ચેકની બોડીમાં લખેલા અક્ષરો મારા જ છે. એ વાત ખરી છે કે, મેત્રાલ ગામ છે એ નાનુ ગામ છે. એ વાત ખરી છે કે, મેત્રાલ ગામે મોટુ બજાર આવેલ નથી. એ વાત ખરી છે કે, ખેડબ્રમ્હા શહેરી વિસ્તાર છે અને ત્યા મોટુ બજાર આવેલ છે.

(૧૧) આમ, સદર કામે રજુ થયેલ ઉપરોકત મુજબનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો છે તે હકીકત નિર્વીવાદ છે. સદર કામ આરોપીના એફ.એસ.ના સ્ટેજે હતુ પરંતુ આરોપી પોતાનુ વધારાનુ

નિવેદન આપવા અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી. જેથી આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરવામાં આવેલ છે. ફરીયાદીની આરોપી તરફે કરવામાં આવેલ સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતાં આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ વ્યવહાર આરોપીએ ફરીયાદી સાથે કરેલ નથી કે આરોપીએ ફરીયાદીને આવો કોઈ ચેક લખી આપેલ નથી પરંતુ ફરીયાદીએ પરોયાવાળા કાળી બેન પાસેથી ફરીયાદવાળો ચેક મેળવી આરોપી પાસેથી ખોટી રીતે પૈસા પડાવવા હાલનો ખોટો કેસ કરેલ છે. આરોપીનો આ બચાવ ધ્યાને રાખી સદર કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આરોપીએ પોતાના સમર્થનમાં સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાના બચાવમાં આ પરોયાવાળા કાળીબેનને સાહેદ તરીકે તપાસીને આ હકીકત પુરવાર કરવા પ્રયત્ન કરવામાં આવેલ નથી. વધુમાં, આ કામે રેકર્ડ જોતાં, આરોપી અને ફરીયાદીએ આંક–૪૧ થી તા.૨૭/૯/૨૪ ના રોજ સમાધાન પુરસીસ આપી એવુ જાહેર કરેલ છે કે, સદર કામે અમો બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય અને અમોએ ચેકની રકમ ફરીયાદીને ચુકવવાની હોય વિશાળ હિતમાં મુદત આપવા મહેરબાની કરશોજી. સદર આંક–૪૧ વાળી પુરસીસમાં ફરીયાદી તથા આરોપી તેમજ બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીની સહીઓ છે. જેથી માનવાને કારણ રહે છે કે, આરોપી અને ફરીયાદી વચ્ચે ફરીયાદમાં જણાવ્યા મુજબનો નાણાંકીય વ્યવહાર થયેલ હશે ત્યારે આરોપીએ ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપવાની ખાતરી આપી આંક–૪૧ ની પુરસીસમાં સહી કરી આપેલ હશે. વધુમાં, સદર કામે આરોપી તરફે આંક–૪૨ થી મુદત અરજી આપી હવે પછીની મુદતે રૂા.૩૦,૦૦૦/– ફરીયાદીને ચુકવી આપીશુ તેમ જણાવી મુદતની માંગણી કરેલ છે. સદર આંક–૪૨ વાળી મુદત અરજીમાં ફરીયાદી, આરોપી તથા બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીની સહીઓ છે. વધુમાં, આરોપી તરફે આંક–૬૧ થી મુદત અરજી આપી હવે પછીની મુદતે રૂા.૧૫,૦૦૦/– ફરીયાદીને ચુકવી આપીશુ તેમ જણાવી મુદતની માંગણી કરેલ છે. સદર આંક–૬૧ વાળી મુદત અરજીમાં બન્ને પક્ષકારો તેમજ બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીની સહીઓ છે.

વધુમાં, આરોપી તરફે આંક–૬૨ થી મુદત અરજી આપી હવે પછીની મુદતે રૂા.૧૫,૦૦૦/– ફરીયાદીને ચુકવી આપીશુ તેમ જણાવી મુદતની માંગણી કરેલ છે. સદર આંક–૬૨ વાળી મુદત અરજીમાં બન્ને પક્ષકારોના વિ.વ.શ્રી તેમજ બન્ને પક્ષકારોની સહીઓ છે. જો આરોપીએ ફરીયાદી પાસેથી ફરીયાદીમાં જણાવ્યા મુજબની કોઇ રકમ ના લીધેલ હોત તો આરોપી ફરીયાદીને લેણી રકમ ચુકવી આપવાનું લખી ના આપત. જેથી માનવાને કારણ રહે છે કે આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ફરીયાદી સાથે વ્યવહાર કરેલ છે ત્યારે જ સમાધાન કરી ફરીયાદીને લેણી રકમ ચુકવી આપવા તૈયાર થયેલ હશે.

(૧૧.૧) વધુમાં, જો આરોપીએ ફરીયાદી પાસેથી ફરીયાદમાં જણાવ્યા મુજબની કોઇ જ રકમ મેળવેલ ન હોય તેમજ ફરીયાદ સાથે રજુ રાખેલ ચેક લખી આપેલ ન હોય તો આરોપી ફરીયાદી સાથે સમાધાન કરી કેમ રકમ આપવા તૈયાર થયેલ તે હકીકત શંકાસ્પદ બની જાય છે અને આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબની રકમ ફરીયાદી પાસેથી ઉછીની લીધેલ હોવાનું માનવાને કારણ રહે છે. આમ, આ કામે આંક–૪૧ વાળી સમાધાન પુરસીસ તેમજ આંક–૪૨, ૬૧, ૬૨ ના મુદત રીપોર્ટ ધ્યાને લેતાં આરોપી અને ફરીયાદી વચ્ચે ફરીયાદમાં જણાવ્યા મુજબનો વ્યવહાર થયેલ હોવાનું માનવાને સબળ કારણ રહે છે. આમ, આ કામનું રેકર્ડ જોતાં આરોપીનો ઇરાદો ફરીયાદીને કોઇ રકમ ચુકવી આપવાનો હતો તેવું જણાતું નથી, પરંતુ કેસની કાર્યવાહી કેમ કરીને લંબાવવી તેવું જણાઇ આવે છે. જો આરોપીનો ઇરાદો શુધ્ધ હોત તો આરોપીએ આંક–૪૧ ની પુરસીસ તેમજ આંક–૪૨ અને આંક–૬૧,૬૨ ની અરજીમાં જણાવેલ હકીકતોનું પાલન કરી ફરીયાદીને તે મુજબની રકમ ચુકવી આપેલ હોત. આમ, આરોપીએ નામદાર કોર્ટમાં લખી આપેલ લખાણનું પણ પાલન કરેલ નથી તેવું રેકર્ડ જોતાં જણાય છે.

(૧૧.૨) આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ આંક–૨૦ વાળો ચેક આરોપીના ખાતાનો છે તે હકીકત આ કામે રજુ થયેલ પુરાવો જોતાં જણાઇ આવે છે. ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો નથી તેવું આ કામે રજુ થયેલ પુરાવો જોતાં જણાઇ આવતું નથી તેમજ ફરીયાદવાળો

ચેક આરોપીના ખાતાનો નથી તેવો બચાવ પણ આરોપી તરફે લેવામાં આવેલ નથી. આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, આરોપીએ ફરીયાદીને આવો કોઇ ચેક લખી આપેલ નથી, પરંતુ ફરીયાદીએ પરોચાના કાળીબેન પાસેથી ફરીયાદવાળો ચેક મેળવી ખોટી હકીકતો જણાવી હાલની ખોટી ફરીયાદ કરેલ છે, પરંતુ ફરીયાદવાળો ચેક આરોપીએ કાળીબેનને કેમ આપેલ હતો અને કાળીબેને ફરીયાદ વાળો ચેક ફરીયાદીને કેમ આપેલ છે તેનો કોઈ જ ખુલાસો આરોપી તરફે કરવામાં આવેલ નથી. જેથી આરોપીનો આ બચાવ ટકવાપાત્ર નથી.

(૧૧.૩) વધુમાં, **નામદાર સર્વોચ્ચ અદાલતે રંગપ્પા વિરૂધ્ધ શ્રીમોહન, ૨૦૧૦, ડી.સી.આર. ૭૦૬** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, જયાં સુધી આરોપી વિરૂધ્ધનો પુરાવો ના આપે, અગર તો ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય રીતે રીબર્ટ ના થાય ત્યાં સુધી ચેક એ કાયદેસરની જવાબદરીના દેવા પેટે આપેલ છે તેવું અનુમાન થાય અને પુરાવા દરમ્યાન લેવામાં આવેલ ઈન્કાર, અગર તો દલીલમાં લીધેલ કથન આરોપીનો ખંડનાત્મક પુરાવો ગણી શકાય નહી. ફરીયાદપક્ષના કેસની હકીકતો તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓની વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આરોપી નિષ્ફળ રહેલ હોય ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાની જવાબદારી પેટે આપેલ હોવાનું અનુમાન કરી શકાય તેમ હોય નામદાર સુપ્રિમ કોર્ટનો આ ચુકાદો સદરહુ કેસની હકીકતોને લાગુ પડે છે.

(૧૧.૪) વધુમાં, અત્રેની અદાલત સદર કેસના આખરી નિર્ણય ઉપર આવવા માટે **નામદાર ગુજરાત વડી અદાલત** ધ્વારા **ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિરૂધ્ધ ગુજરાત રાજય, ૨૦૦૬(૧), જી.એલ.આર. પાના નં.૭૮૬** ના ચુકાદા ઉપર આધાર રાખે છે. સદર ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે ઠરાવેલ છે કે, ''કાયદેસરનું લેણું સ્વીકારવાની જાહેરાત કરતી અને આરોપી ધ્વારા પોતાની સહીથી આપવામાં આવતી પુરસીસ કથિત આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવા કાફી અને પર્યાપ્ત છે.'' (ફકરા નં.૩૬). સદર કેસનું રેકર્ડ ધ્યાને લેતાં પણ આ

કામના આરોપીએ આંક–૪૧ થી સમાધાન પુરસીસ તથા આંક–૪૨ તથા ૬૧, ૬૨ થી મુદત અરજી આપી ફરીયાદી સાથે સમાધાન થયેલ છે અને તે પેટે રકમ ચુકવી આપવાની છે તેવું જાહેર કરેલ છે. જેથી આરોપીએ ફરીયાદી સાથે ફરીયાદમાં જણાવ્યા મુજબનો વ્યવહાર કરેલ હોવાનું અને તેની લેણી રકમ પેટે ફરીયાદવાળો ચેક લખી આપેલ હોવાનું માનવાને કારણ રહે છે.

(૧૨) આમ, આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીને લેણી રકમ પેટે લખી આપેલ હોવાનું જણાઇ આવે છે અને સદર ચેક ફરીયાદીએ પોતાના બેંક એકાઉન્ટમાં જમા કરાવતાં આરોપીના ખાતામાં પુરતુ બેલેન્સ ન હોય ફરીયાદવાળો ચેક ફંડસ ઇન્સફીશીયન્ટના શેરાના કારણે વણસ્વીકારે પરત ફરેલાનું સ્પષ્ટપણે પુરવાર થતું હોઇ આરોપીએ ધી નેગો. ઇન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું સ્પષ્ટપણે સાબિત થાય છે. જયારે આરોપીપક્ષ ધી નેગો. ઇન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૯ મુજબ અનુમાનનું ખંડન કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે તેવું આ કોર્ટનું માનવું છે. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ હોય **મુદા નં.૧** નો જવાબ ''**હકારમાં**'' આપી આરોપીને ધી નેગો. ઇન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબના ગુના હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને ન્યાયના વિશાળ હિતમાં આરોપીને સજાના પ્રમાણ બાબતે સાંભળવા મુલત્વી રાખવામાં આવે છે.

તા.૧૭/૦૭/૨૦૨૬ **(કે. જે રાઠોડ)**
મુ.ખેડબ્રહમા. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ખેડબ્રહમા.
જજ કોડ નં.૦૦૮૭૫

:: સજા બાબતે સાંભળ્યા ::

(૧) ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી વી.બી.વૈષ્ણવનાએ એવી દલીલ કરેલ છે કે, આરોપીએ ફરીયાદીને લેણી રકમ પેટે ફરીયાદમાં જણાવ્યા મુજબનો

ચેક લખી આપેલ અને સદર ચેક ફરીયાદીએ તેઓના ખાતામાં જમા કરાવતાં આરોપીના ખાતામાં પુરતુ બેલેન્સ ન હોય પરત ફરેલ છે. આમ, આરોપીએ ફરીયાદીને સમયમર્યાદામાં રકમ નહી ચુકવી આપતાં મોટું આર્થીક નુકશાન પહોંચાડેલ છે. જો આવા લોકોને ઓછી સજા કરવામાં આવે તો આવુ કરવાવાળા વ્યકિતઓને પ્રોત્સાહન મળે તેમજ સમાજમાં તેનો ખોટો મેસેજ જાય જેથી આવી રીતે ઉછીના રૂપિયા લઇ જઇ પાછળથી ચેક આપી, છેતરપીંડી કરનારા વ્યકિતઓને કાયદામાં જણાવ્યા મુજબની પુરેપુરી સજા કરવી જોઇએ. જેથી સમાજમાં તેનો દાખલો બેસે અને આવું કરવાવાળા વ્યકિતઓમાં કાયદાનો ડર રહે તે માટે આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની પુરેપુરી બે વર્ષની સજા કરવા તેમજ આરોપીને ચેકની રકમ કરતાં બમણી રકમનો દંડ કરી, તે રકમમાંથી ફરીયાદીને ચેકની રકમ વ્યાજ સહિત વળતર પેટે અપાવવા અરજ કરેલ છે.

(૨) આરોપી તરફે દલીલ માટે કોઈ હાજર રહેલ નથી.

(૩) ફરીયાદ પક્ષ તરફે કરવામાં આવેલ વિ.વ.શ્રીની રજુઆતો ધ્યાને લીધી. હાલના કામે આરોપીને ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. ફરીયાદી આરોપીને મિત્રતાના નાતે હાથઉછીના નાણાં આપેલ હતા અને જે પેટે આરોપીએ ફરીયાદીને હાલનો ચેક લખી આપેલ હતો જે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ, આરોપીએ ફરીયાદીને આર્થીક નુકશાન પહોંચાડેલ છે. હાલ સમાજમાં ચેક પરત કરવાના કેસોનું પ્રમાણ ખુબ વધેલ છે. કાયદામાં જે ઉદ્દેશથી ચેકના વ્યવહારોનો સમાવેશ કરવામાં આવેલ છે, તે ઉદ્દેશ ચેક વણચૂકવ્યે પરત ફરવાને કારણે પરીપૂર્ણ થાય તેમ નથી. આ તમામ હકીકતો તેમજ હાલના કાયદાનો ઉદ્દેશ તેમજ સમાજમાં આવા પ્રકારના ગુનાઓ થતા અટકે તેમજ સમાજનો આર્થીક વ્યવહાર ઉપર વિશ્વાસ ટકી રહે તે જરૂરી છે. આરોપી સામેના આક્ષેપિત ગુનાની સજાકીય જોગવાઇઓ ધ્યાને લેવામાં આવે તો, મહત્તમ બે વર્ષ સુધીની સજાની અને દંડની સજાની જોગવાઇ છે. જે તમામ હકીકતો તથા આરોપીની આર્થીક અને સામાજીક જવાબદારીઓ વિગેરે ધ્યાને લેતાં ન્યાયના

વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આ ખ રી હુ ક મ ::

(૧) આ કામના આરોપી જતીનભાઈ રાજાભાઈ પરમાર, રહે. દેલવાડા, તા.વડાલી, જી.સાબરકાંઠાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૫૫ (૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી **૦૧ (એક) વર્ષની** સાદી કેદની સજા તેમજ ચેકની રકમનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી દંડની રકમ જમા ના કરાવે તો આરોપીએ વધુ ૦૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) દંડની રકમ જમા થયેથી અપીલ સમય બાદ સદર રકમ ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સદરહુ કામે આરોપી જો જેલમાં રહેલ હોય તો તેટલો સમય આરોપીને સજામાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપી હાજર રહેલ ન હોય અને સદર ચુકાદો આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ હોય, આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૧૮(૨) મુજબ પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૭ મી, માહે : જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૭/૦૭/૨૦૨૬
મુ.ખેડબ્રહમા.

(કે. જે રાઠોડ)
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ખેડબ્રહમા.
જજ કોડ નં.૦૦૮૭૫

//Mahavir//